સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

રીઝે તો બઢતીમાં કોઈને ઠેંક ખવડાવે છે!
પ્રચારના પગલે કોઈને કેક ખવડાવે છે!
ખવડાવી દે ગૂલાંટ કોઈને આપી દે આશ્ચર્ય -
જેક કોઈને શેક તો પેગ પણ પીવડાવે છે
(રીઝે તો દઈ દે રાજ ખીજે તો લઈ લે તાજ)

હાઈકુ

કર્યાં પગલાં
ધન્ય અડવાણીજી!
લાલ યાદરે!

હોય છે મજા
જીવનમાં હંમેશાં -
'સુખદ અંત'

ચિંતન

એકં સર્વગતં વ્યોમ બહિઃ અંતઃ યથા ઘટે ।
નિત્યં નિરંતરં બ્રહ્મ સર્વભૂતગણે તથા ॥

ઉપરોક્ત શ્લોક તત્વાર્થ સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે રીતે ઘડામાં બહાર અને અંદર એક જ આકાશ છે, તે રીતે કોઈ પણ અંતર વિનાનું - નિરંતર - બ્રહ્મ સર્વભૂત માત્રમાં નિત્ય વ્યાપ્ત છે.

ઘડાની અંદરની ખાલી જગ્યા (Space) અને બહારની ખાલી જગ્યા જુદી નથી. ઘટો ફૂટી જતાં બધી ખાલી જગ્યા એક જ જણાય છે. વળી ઘટો ફૂટતાં ખાલી જગ્યાએ કાંઈ નુકશાન થતું નથી, અસર જ થતી નથી. એ જ રીતે પરમ તત્વ પણ સર્વત્ર વ્યાપક છે અને એ એમ ને એમ રહે છે. આપણે નાના હોઈએ યૌવનમાં પ્રવેશ કરીએ કે વૃદ્ધ થઈએ અને મૃત્યુ પામીએ તેને કંઈ જ અસર થતી નથી.

ઘરની પણ દિવાલો તે ઘર નથી ! દિવાલો વચ્ચેની ખાલી જગ્યા જ સાચું ઘર છે. એમ આપણું સ્વરુપ પણ અંદર રહેલું આત્મ તત્ત્વ જ છે. નહીં કે દેહની દિવાલ, એ તો અંતે ભસ્મ જ થઈ જવાની છે.

સુવિચાર

- જબ તક તુમ કિસી કો પ્રભાવિત કરના ચાહતે હો, તબ તક તુમ અહંકાર સે ગ્રસ્ત હો - **ઓશો**
- માનવીનાં જીવનમાં મૂલ્યો એના ઓશિકા નીચે જ પડ્યા છે, જેને મેળવવા માટે ઓરડા જેવી આખી દુનિયામાં ફાફાં મારે છે, પરંતુ ખુદમાં તકિયા નીચે તપાસતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- વિષાદ આપણા જીવનને ગ્રલી ન લે, સંદેહ આપણા જીવનને ડસી ન લે - **મોરારિબાપુ**
- જીવનયાત્રામાં જેટલી ગ્રંથિઓ વધારે, જીવનયાત્રા એટલી ટૂંકી - **ધ્રુવ ભટ્ટ**
- સવારના પહોરમાં જેની જીભે શુભ નામ, તેનું બપોરે શુભ કામ અને એની શુભ શામ - **માનસ સૂત્ર**
- મોટાભાગના લોકોનું જીવન વાસનામય છે, ઉપાસનામય જીવન નથી, વાસનાનો અર્થ છે 'અવિદ્યા' - **ધર્મસૂત્ર**
- આજનું ઔષધ : નાની ચપટી સુંઠ, નાની ચપટી એલચી પાઉડર, અને નાની ચપટી તજ પાઉડર મિક્સ કરી સવાર-સાંજ જમવાના ૩૦ મિનિટ પહેલા લેવાથી ભૂખ ઉઘડે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

બે જીગરજાન મિત્રો હતા. એમાંના એકના દીકરાને બીજા મિત્રની દીકરી સાથે પ્રેમ થઈ ગયો. બંનેએ પોતાના પિતાએનો આ હકીકતની માહિતી આપી. બંને પરિવારો એકબીજાને વર્ષોથી પરિચિત હોવાની ના પાડવાનું કોઈ એવું કારણ ન હતું. બંને જીગરજાન મિત્રો એ લગ્ન કરાવી આપવ માટે હા પાડી, પણ એટલું સૂચન કર્યું કે તમારા દિલની, તમારી કલ્પનાની, તમારા સપનાની, તમારા પ્રેમની અને તમારી જિંદગીની વાત અલગ અલગ ડાયરી બનાવો. પ્રેમ કેવી રીતે થયો, પ્રેમનો એકરાર, પહેલી મુલાકાત, પહેલી સંવેદનાની વાત. વગેરે. વગેરે... વાતો ડાયરીમાં લખી અને ભવિષ્ય માટે પણ સુંદર લેખન કર્યું. બાંહેધરી પણ લખી કે અને અ જનમ એકબીજાને ખૂબ પ્રેમ કરીશું. અમે એકબીજાને સમજીશું અને સંસારમાં સમાજમાં એક મિસાલ બનીશું. જીગરજાન પિતા મિત્રોએ આ વાંચીને એટલું સૂચન કર્યું. ફક્ત એક વાક્ય એમાં ઉમેરો કે, 'અમે એકબીજાને માફ કરીશું.' થોડા વર્ષો ગયા. બધુ ભૂલાઈ ગયું અને ઝગડા થવા લાગ્યા. છૂટાછેડા સુધી વાત પહોંચી. આ યુવાન પતિ-પત્નીની કોર્ટમાં જવાના હતા. એની આગળની રાત્રે બંનેને આ લખેલી ડાયરી આપીને એટલું જ કહ્યું, 'વાંચીને વિચારજો કે આ લખનાર તમે જ છો ને?? અને હા અમે જે વાક્ય ઉમેરવા કહ્યું હતું તે છેલ્લું વાક્ય જરૂર વાંચજો.' શુભ આશય અને નેક ઈરાદા સાથે શરૂ થઈ હતી. એ જિંદગી માફ નહીં કરવામાં કોર્ટ જવાની નોતબ આવી. છેવટે સમાધાન થયું. માફ - માફી માંગી યુગલે પુનઃ જિંદગી શરૂ કરી.

બિહારના ખરા વિજેતા નરેન્દ્ર મોદી

તંત્રીસ્થાનેથી...

સુશાસન માટે સુપ્રસિદ્ધ બિહારી બાબુ નીતીશકુમાર ચોથી વાર મુખ્યમંત્રી બનશે તો પણ એમની પાછળ નરેન્દ્ર મોદીનો પ્રચંડ પડછાયો હશે. પોતાની આગવી ઈમેજ પર મુસ્તાક નીતીશકુમારને કટ ટુ સાઈઝ કરવાના વ્યૂહમાં ભારતીય જનતા પાર્ટી સફળ થઈ છે. બલકે છેલ્લે છેલ્લે નરેન્દ્ર મોદીએ લાગણીસભર અપીલ કરીને બિહારી મતદાતાઓને ટાઢા ન પાડ્યા હોત તો પૂરી શકયતા હતી કે નીતીશકુમારનું નામ જ લખાઈ ગયું હોત. લાલુપ્રસાદ યાદવ રાંચીની હોસ્પિટલમાં બેઠાં બેઠાં એમના વારસદારને બિહારના નવા સુકાની તરીકે જોવા આતુર હતા અને નીતીશકુમારના સતત ચાલુ રહેલા સાશન સામે પ્રજામાં ભારે 'એન્ટિ ઈન્કમ્બન્સી' પ્રવર્તી રહી હતી. તેજસ્વી યાદવ જરા અનુભવ અને યોગ્યતામાં ઊણા ઊતર્યા, વળી પિતા અને પરિવારનો લાભ મળ્યે ઓથી વધારે ગેરલાભ પણ થયો. મોદીએ એમને 'જંગલરાજના રાજકુમાર' તરીકે ઓળખાવ્યા અને લાલુ-રાબડી શાસન દરમિયાન થયેલ ગેરરીતીઓ, ભ્રષ્ટાચાર તથા કુશાસનના ઘા તાજા કરીને ફરી પાછું બિહાર અળવા પાટે ન ચડી જાય, એની તાકીદ કરી કરીને પ્રજામત ફેરવ્યો ત્યારે આ ગળાકાપ સ્પર્ધામાં એનડીએને પુનઃ સત્તારૂઢ થવાની તક સાંપડી રહી છે. આ વખતની ચૂંટણી ત્રણ નેતાઓ માટે પ્રતિષ્ઠાની ચૂંટણી બની રહી. ચૂંટણીમાં દેખીતી રીતે નીતીશકુમાર અને લાલુપુત્ર તેજસ્વી મુખ્ય પ્રતિસ્પર્ધી ચહેરા હતા. ભાજપે તો નીતીશકુમારને જ આગળ ધરી પોતાની પાસે બિહારમાં મુખ્યમંત્રી પદને લાયક કોઈ ચહેરો છે જ નહીં, એવું સ્વીકારી લીધું હતું. વિધાનસભાની બેઠકો પણ અડધા બાગે વહેંચી લીધી હતી. ગત લોકસભામાં ભાજપના પ્રચંડ દેખાવ છતાં ભાજપને બિહારમાં નીતીશકુમારનો સાથ છોડવો પોસાય એમ ન હતો. પરંતુ સાથે જ ભાજપની સ્થાનિક નેતાગીરી નીતીશકુમારની જોહુકમીની નારાજ હતી. નીતીશકુમાર વિધાનસભાની ચૂંટણી લડ્યા વગર જ વિધાનપરિષદમાં ચૂંટાઈ રાજયનું સુકાન સંભાળતા રહ્યા છે. એમને કયારેક ભાજપ અને એની 'મેન્ટર' 'માતૃ સંસ્થા આર. એસ. એસ. પ્રત્યે કેટલી સૂગ હતી તે કોઈથી અજાણ્યું નથી. મોદી વિશે સૌથી કટ્ટર વિરોધ કરનારા નેતાઓમાં પણ એ મોખરે રહેલા છે. સમયસૂચકતા વાપરી એમણે મોદી સાથે 'વિકાસ' ના બહાના હેઠલ હાથ મિલાવી મુખ્યમંત્રી પદ બચાવી લેવામાં શાણપણ જોયું હતું. નીતીશને આ ચૂંટણીએ એમની હેસિયતનું ભાન કરાવી દીધું છે અને વધુ એક વખત મોદીના ઘૂંટણિયે પાડી દીધા છે. તેજસ્વી યાદવ પાસે યાદવ વોટબેંક અને ચાલુ સરકાર વિરુદ્ધ એન્ટી ઈન્કમ્બન્સી ઉપરાંત કોવિડ-૧૯ જેવા મુદ્દા હતા. નીતીશના વફાદાર સાથી કે.સી.ત્યાગીએ જદ(યુ)ના રકાસ માટે કોરોના કે ચિરાગ પાસવાનને જવાબદાર ઠેરવ્યા છે. એ સાચું કે ચિરાગ પાસવાને જદ(યુ)ના ઉમેદવારોને હરાવ્યા જ ન પોતાની સેના મેદાનમાં ઉતારી હતી. ચિરાગનું રાજકારણ સમાપ્ત થઈ ગયું છે અને બિહારમાં હવે ગુજરાતનું શાસન ચાલવાનું છે. ધારે તો એનડીએના મોટા ઘટક તરીકે ઊપસી આવેલ ભાજપ મુખ્યમંત્રી પદનો દાવો કરી શકે એમ છે પરંતુ આગોતરા કરાર મુજબ મોદી એમના એક સમયના કટ્ટર વિરોધી એવા નીતીશકુમારને જ ગાદી સોંપશે. અલબત્ત, 'ખંડિયા રાજા' તરીકે!

નોકર અને આગંતુક બંને અહોભાવથી શેઠને જોઈ રહ્યા

નવાં કલેવર

નટવર હેડાઉ

દિવાળીનો તહેવાર ભારતીય સંસ્કૃતિમાં ખુબ મહત્ત્વ ધરાવે છે. ફટાકડા, મીઠાઈઓ અને રોશનીથી સમગ્ર વાતાવરણ ઉત્સાહ, ઉમંગ અને ખુશીઓથી છવાઈ જાય છે.

સમયની સાથે તેમાં પરિવર્તન આવ્યું છે. આ તહેવારને વધુ ભપકાવાળો બનાવવા આપણે વીજળીના દીવાઓ, સીરીઝો અને ઝુમ્મરો લગાવીને છીએ. આતશબાજી કરીએ છીએ પણ કેટલીક પરંપરાઓ આજે પણ જાળવીએ છીએ. જેમ કે કોમ્પ્યુટર આવ્યા છતાં ચોપડા પૂજન, ઘર આંગણે રંગોળી અને આસોપાલવનાં તોરણ અને તે સાથે કોડિયામાં પેટીવાળા દીવા. તેના પ્રકાશ વિના આપણી દિવાળી અધૂરી જ લાગે.

વાત દિવાળીના તહેવારની નીકળી છે તો મને એક ઘટના યાદ આવી. શહેરમાં એક મોટા ઉદ્યોગપતિ શેઠ બહાર જવા માટે નીકળતા હતા. શોફરે કાર દરવાની પાસે લાવીને ઊભી રાખી દીધી હતી. લાલચંદ શેઠ બંગલાની બહાર નીકળ્યા અને બગીચો તેમજ બંગલાની રોશની જોવા લાગ્યા. તેમની નજીકમાં એક નોકર કામ કરતો હતો. શેઠે કહ્યું, 'ભાઈ દિવાળીનો તહેવાર છે તો દીવો તો મુકો.'

નોકર થાળીમાં તૈયાર કરેલ દીવાઓ લઈ આવ્યા. તેને હારબંધ મૂક્યા. ખિસ્સામાંથી માચીસની ડબ્બી કાઢી અને તેનાથી દીવાઓ પેટાવવાનો પ્રયાસ કરવા લાગ્યો. દિવાસળી દિવાની વાટ પાસે જતાં જ બુઝાઈ જતી હતી. આવું ત્રણ ચાર વખત બન્યું. તે વખતે દાન માંગવા એક વ્યક્તિ આવી ઊભી.

લાલચંદ શેઠ નોકર પર ગુસ્સે થઈ ગયા. દાન માંગવા આવેલ વ્યક્તિ આ જોઈ દંગ રહી ગયા. તેને દાન માંગવાની હિંમત થઈ નહીં.

લાલચંદ શેઠ પોતાની ચમકતી કાર તરફ આગળ વધ્યા. જતાં જતાં આગન્તુકને કહ્યું, 'તમે પણ આમ આવી જાવ, બોલો કેમ આવવું થયું?'

'મા, બસ, એમ જ આવ્યો હતો.'

'તમે આવ્યા છો, તો આવવાનું કારણ તો કંઈક હશે ને, જે હોય તે વિના સંકોચ કહો.' શેઠ બોલ્યા.

'હું મારી સંસ્થા માટે દાન માંગવા આવ્યો હતો પણ હવે ઈચ્છા નથી.' આંગતુકે કહ્યું.

'ઈચ્છા કેમ નથી? શું વાત છે? આપને કેટલી જરૂરત છે?'

આગન્તુકે માંડીને વાત કરી. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ અને પ્રકલ્પો તેમજ નવા વર્ષના આયોજનની વાત કરી.

લાલચંદ શેઠે ખિસ્સામાંથી ચેકબુક કાઢી અને એક લાખનો ચેક લખીને આપી દીધો. આગન્તુક વિસ્મય ભરી આંખે તેમને જોઈ રહ્યો.

આટલી મોટી રકમ, આગન્તુકથી રહેવાયું નહીં. તેણે કહ્યું, 'શેઠ એક વાત પૂછવા માગું છું. તમે ત્રણ-ચાર દિવાસળી માટે નોકરને ધમકાવી નાંખ્યો અને મને રૂપિયા એક લાખનો ચેક આપી દીધો. હું આપની આ વ્યવહારનું રહસ્ય કંઈ સમજી ન શક્યો.'

શેઠ હસી પડ્યા. ગોલ્ડન ફ્રેમના ચશ્માને ઠીક કરતાં બોલ્યા. 'તમને જાણ નહીં હોય. મને ખોટા ખર્ચાઓ કે ખોટી રીતે પૈસાનો બગાડ થાય તે સહન થતું નથી. જયાં જરૂર છે ત્યાં લાખ તો શું દસ લાખ જાય તો પણ તેની ચિંતા હું કરતો નથી.'

નોકર અને આગંતુક બંને અહોભાવથી શેઠને જોઈ રહ્યા.

પહેલી મુલાકાત : એક ઝબકારો અને સંબંધોનું વિશ્વ ઝળહળા!

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

ગુજરાતનો એક યુવાન ખૂબ જ સારું હારમોનિયમ વગાડતો હતો. એ યુવાન ફિલ્મ ઉદ્યોગમાં પોતાનું નસિબ અજમાવવા માટે મુંબઈ ગયો. હારમોનિયમ વગાડવામાં પારંગત એ યુવાન મુંબઈ ગયા પછી ફિલ્મ સ્ટુડીઓ અને ખાસ કરીને મ્યુઝીક રેકોર્ડિંગ સ્ટુડીઓનાં ચક્કર લગાવવા માંડયો. એ સમયે મુંબઈનો શ્રી સાઉન્ડ સ્ટુડીઓ ખૂબ જ વિખ્યાત હતો. એ સ્ટુડીઓમાં એ સમયે મોટાભાગના ફિલ્મ નિર્માતાઓ અને દિગ્દર્શકોની આવન-જાવન રહેતી તેથી ત્યાં એ યુવાનનાં આંટા ફેરા વધી ગયા. એ યુવાન એ આશાએ સ્ટુડિઓમાં આંટાફેરા કરતો હતો કે કોઈ નિર્માતા-દિગ્દર્શકનો પોતાને ભેટો થઈ જાય ને પોતાને કંઈક કામ મળી જાય, કુછ બાત બન જાય.

એ જ અરસામાં તેના જેવો જ એક બીજો યુવાન જેને પણ સંગીતનો ખૂબ જ ચસકો હતો તે પણ એ જ સ્ટુડીઓનાં ચક્કર લાગવતો હતો. અલબત, એ યુવાન પાસે નાટકોમાં સંગીત આપવાનું થોડું કામ તો હતું. એ યુવાન પણ એ જ આશાએ સ્ટુડીઓનાં ચક્કર લગાવતો હતો કે પોતાને કોઈ ફિલ્મમાં વાદ્યકાર તરીકે કામ મળી જાય.

એક દિવસ એ સ્ટુડીયોમાં બંને યુવાનો જોગાનુજોગ બંનેની નજર મળી. એકબીજાનાં બંનેએ નામ પૂછ્યા. બન્ને થોડી વાતચીત થઈ. થોડી વધુ ઓળખાણ થઈ. એ પહેલી જ મુલાકાતે બીજા યુવાનને પેલા ગુજરાતી યુવાનમાં પોતાનો જ ચહેરો દેખાયો. તેને એ વ્યક્તિત્વમાં કંઈક એવું આકર્ષણ થયું કે તેમની સાથે મૈત્રી કરવાની ઈચ્છા થઈ ગઈ અને એ મૈત્રી સાધી લીધી. પહેલી જ મુલાકાતે એ યુવાને પેલા ગુજરાતી યુવાનને ખાતરી આપી કે પોતે જ્યાં સંગીતનું કામ કરે છે ત્યાં તેને સંગીતનું કામ અપાવવા માટે પોતે અંગત ભલામણ કરશે.

એ સમયે એ યુવાન પૃથ્વીરાજ કપૂરના પૃથ્વી થિયેટર્સમાં કામ કરતો હતો. પૃથ્વી થિયેટર્સમાં સંગીત વિભાગ સાંભળતા રામ ગાંગુલીના મદદનીશ તરીકે એ યુવાન કાર્ય કરતો હતો. નિશ્ચિત દિવસે બન્ને યુવાનો વચ્ચે નક્કી થયા પ્રમાણે પેલો ગુજરાતી યુવાન પૃથ્વી થિયેટર્સ ગયો. પેલા યુવાને પાપાજી (પૃથ્વીરાજ કપૂર) સાથે એ યુવાનની પોતાના મિત્ર તરીકે ઓળખાણ કરાવી અને તેને હારમોનિયમ વાદક તરિકે કામ આપવા માટે અંગત ભલામણ કરી. એ ગુજરાતી યુવાનનાં વ્યકિતત્વની પાપાજી ઉપર પણ સારી છાપ પડી અને તેને પેલા યુવાનની ભલામણ થકી તેને પૃથ્વી થીએટર્સમાં કામ પર રાખી લીધો. બન્ને યુવાનો પૃથ્વી થીએટર્સમાં સંગીત વિભાગમાં મદદનીશ તરિકે કાર્ય કરવા લાગ્યા. ધીરે ધીરે બન્નેની મિત્રતા ગાઢ બની અને બન્નેની સંગીતયાત્રા ત્યાંથી શરૂ થઈ.

ત્યાર પછીનાં ઈતિહાસનાં આપણે સૌ સાક્ષી છીએ. એ બે યુવાનો એટલે બીજા કોઈ નહીં પણ શંકર-જયકિશનની સંગીત બેલડી જેનાથી આપણે સૌ સુપરિચિત છીએ. એ બેલડીનો ગુજરાતી યુવાન એટલે ડાંગ જિલ્લાનાં વાસદાનો જયકિસન ડાયાલાલ પંચાલ અને શંકર એટલે હૈદરાબાદનાં શંકરસિંધ રામસીંધ રઘુવંશી. એ બેલડી ફિલ્મ ઉદ્યોગમાં રામ-લક્ષ્મણ જેવી બેલડી તરીકે પણ વખણાતી હતી.

એકબીજાથી એકદમ અજાણ્યા ખૂબ જ દૂર રહેતા શંકર અને જયકિશન વચ્ચેની પહેલી જ મુલાકાત સમયે બંનેએ એકબીજામાં એવું શું જોયું કે બંનેએ પહેલી જ મુલાકાતે દોસ્તીનો હાથ મિલાવી લીધો? તેમાંયે ખાસ કરીને શંકરે જયકિશનને મદદ માટેની ખાતરી પણ આપી દીધી. તેમનું વ્યકિતત્વ? તેમનાં વ્યવહાર અને વર્તન? નવા સંબંધો બાંધવાની ઉત્કંઠા કે એક પ્રકારની અંતઃસ્ફૂરણા?

આપણાં દરેકના જીવનમાં આ પ્રકારની ઘટના ક્યારેક ને ક્યારેક તો બનતી જ રહેતી હોય છે. નવા સંબંધો વિકસાવવાની આ પ્રકારની તકો ક્યારેક ને ક્યારેક તો ઊભી થતી જ હોય છે. પેલી ઉકિત છે ને કે "લવ એટ ફર્સ્ટ સાઈટલ્લલ્લ એવું પણ બનતું હોય છે. બે અજાણી વ્યકિતની કોઈપણ જગ્યાએ પહેલી મુલાકાત થાય છે ત્યારે કાં તો બંનેના મનમાં ને કાં તો બન્નેમાંથી એક નાં મનમાં એક પ્રકારનો ઝબકારો થતો હોય છે. આવો ઝબકારો હંમેશા નથી થતો હોતો. એ તો જીવનમાં ક્યારેક જ થતો હોય છે. આપણાં જીવનમાં એ ઝબકાર જ્યારે પણ થાય, તેને જો ઓળખી શકીએ, એ ઝબકારને આપની આંખ અને હૃદયમાં ઝીલી શકીએ તો શકય છે કે શંકર-જયકિશનનાં જીવનની જેમ આપણાં જીવનમાં પણ સંબંધોનો એક આવો યુગ શરૂ થાય અને બંને વ્યક્તિના સંબંધોનું વિશ્વ પણ ઝળહળા થઈ જાય, પ્રકાશમય થઈ જાય.

પહેલી જ મુલાકાતે આપણને કોઈ વ્યકિતમાં આપણાંપણું લાગતું હોય છે, પોતિકાપણાની લાગણી થતી હોય છે. પહેલી જ મુલાકાત કદાચ આપણને એવી અનુભૂતિ થતી હોય છે કે આપણે એ વ્યકિતને વર્ષોથી ઓળખીએ છીએ, આપણો એ વ્યક્તિ સાથે વર્ષો જૂનો સંબંધ છે. આપણે જો પૂર્વજન્મમાં માનતા હોઈએ તો ક્યારેક એવી પણ અનુભૂતિ થતી હોય છે કે એ વ્યકિત સાથે આપણો પૂર્વજન્મનો કંઈક નાતો છે. આ પ્રકારની લાગણી જો થતી હોય તો જ આપણને એ વ્યક્તિ સાથે પહેલી જ મુલાકાતે આત્મિયતા બંધાઈ જતી હોય છે.

જયારે બે વ્યકિતોની જરૂરિયાતો સરખી હોય છે, બંનેનાં સ્વભાવ મળતા હોય છે, બંનેનાં શોખ સરખા હોય છે, બંનેનાં જીવનનાં ધ્યેયોમાં સામ્યતા હોય છે ત્યારે પહેલી જ મુલાકાત પછી એ સંબંધો વિકસાવવાની તકો વધારે ઉજવળ બનતી હોય છે, તેમાંયે ખાસ કરીને બન્નેમાંથી કોઈપણ પણ વ્યકિતનો સંબંધ વિકસાવવામાં અંગત ન સ્વાર્થ હોય પણ એકબીજાને સહકાર આપવાની ભાવના હોય તો એ સંબંધ વિકસવાની રંગત કંઈક જુદી જ હોય છે.

આપણાં જીવનમાં ભલે ઘણાબધાં નહીં પણ જો એકાદ સંબંધ પણ આ રીતે વિકસે, એ સંબંધ ટકી રહે, એ સંબંધનું જતન થાય તો બન્ને વ્યકિત એકબીજાનાં પૂરક બની જતાં હોય છે અને એ સંબંધ થકી પણ આપણું જીવન ધન્ય બની જતું હોય છે.

હું પાનખર નથી, વિતેલી વસંત છું - દિવાળીનું મનોમંથન!!

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

વરસાદી પુરમાં વધુ વિનાશકતા હોય ત્યારે બધુ જ તેમાં વહી જતું આપણે જયારે જોઈએ છીએ ત્યારે વરૂણ દેવ કે જલની શક્તિનો અનુભવ થયો હોય છે અને ઘડીભર તો નાસ્તિક હોય એ પણ આસ્તિકના માર્ગે આવી જાય છે આવું જ કંઈક કાળના ચક્રનું વર્તન-પરિવર્તન હોય છે. સમયના પ્રવાહમાં બધુ સમાઈ જાય તે કદી પણ પરત આવી શકતું નથી માટે જ સમયથી સંયમ રાખો કે સમયને ઓળખીને જીવન જીવો તેવો ઉપદેશ ગ્રંથો-શસ્ત્રોમાંથી મળે છે! ઈતિહાસ સાક્ષી છે કે કંઈક શાસકો દેશ પર રાજ કરતા કરતા મહાકાલમાં જતા રહ્યા અને છતા માનવી મરતા સુધી પોતે શાશ્વત હોવાના દિવાસ્વપ્નમાંથી બહાર નિકળતો જ નથી. ત્રિગુણાત્મક માયાએ ઈશ્વરની જ કૃતિ છે જેમાં સજીવોને મમતા અને મોહના બંધનો ઊભા થવા ખૂબ જ સહજ છે જેનાથી આ સમગ્ર સૃષ્ટિ ચાલે છે! જન્મ પહેલાં કયાં કોઈ સંબંધ કોઈની પણ સાથે હતો અને વિશ્વમાંથી વિદાય થયા પછી કયાં કોઈ સંબંધ અકબંધ રહી શક્યો છે? જન્મથી મરણ વચ્ચેની આ જીવન સફરમાં જે પ્રારબ્ધનાં ફળરુપે મળ્યું છે તેમાં સુંદર કર્મો કરીને જીવીએ તો બધુ જ ઉત્તમ અને તીર્થ જેવું છે. માનવ સંસ્કૃતિએ ઉત્સવો અને તહેવારોની પરંપરા ને સ્થાયી તેમાં વર્ષો જૂની સત્ય હકીકતો પણ અવશ્ય છે પરંતુ જીવનમાં રસને ટકાવવા કે વૈવિધ્ય આપવાની વાત છે જેથી જીવનનો ગમો - અણગમો કે થાક દૂર થઈ જાય અને જીવન જીવવા જેવું લાગે! દરેક વ્યક્તિ વાસ્તવમાં એક જીવંત દંતકથા જ હોય છે તેના સંઘર્ષો - પ્રયાસો નિષ્ફળતા - સફળતા અને ધ્યેય પ્રાપ્તિ - આ બધું અવિરતપણે કાળના ચક્ર સાથે જ ચાલતું રહે છે. દિવસો બધા અવિરતપણે કાળના ચક્ર સાથે જ ચાલતું રહે છે. દિવસો બધા એકસરખા કોઈના રહેતા નથી અર્થાત્ પરિવર્તન આવ્યા કરે છે. જેને કોઈ પણ વ્યક્તિ કે સમાજ કઈ રીતે સ્વીકારે છે તેના ઉપરથી બધુ નક્કી થતું રહે છે માટે હકારાત્મક અભિગમને જ હરિયાળા જીવનની પૃષ્ઠભૂમિ કહેવામાં આવે છે. સૃષ્ટિ વાસ્તવમાં વિચારોની જ બનેલી છે. સમયનું કામ સડક જેવું છે જે ચાલનારાને મદદ કર્યા કરે છે અને સફર કરનાર ખુધ અંદરથી કેવો છે એ કોઈને ખબર હોતી જ નથી!

જીવન સફરની સચ્ચાઈ માટે એક સુંદર શેર છે -

"સાંજે પડે મારૂ દ્વાર હું
ખટખટાવું છું
રોજ ખુદ ને ઊંચકીને હું
ઘરે આવું છું...!"
એક સી બુંદ સા હૈ
જિંદગી કા સફર
કભી ફૂલ તો કભી ધૂલ મેં !!

ચાલુ વરસ ૨૦૨૦ આવતા વર્ષોમાં લાંબા સમય સુધી તેની છાપ છોડી જશે કેમ કે કોવિદ મહામારી એ જગતને પાયમાલીના નર્કમાં ધક્કોમ માર્યો છે. દિવાળી સાવ નજીક આવી ગઈ છતાં આપણે 'દો ગજ કી દૂરી' તો રાખવાની જ અને તે પણ માસ્ક સાથે તો કદાચ અસ્તિત્વની લડાઈમાં આપણે જીતી જઈશું - આ બાબત જ જીવનનો મહા સંદેશ છે બહુ જ સામિપ્ય રોજીંદુ બને તો જીવનની મધુરપ જતી રહે છે!! ઘરેડમાંથી બહાર આવવામાં ફટાકડા ફોડવા મીઠાઈઓ જે બને તે ખાવી બધાને હર્ષોલ્લાસથી મળવું અને બસ આનંદ કરવો - આ જે પરંપરા જોઈ છે તેથી હવે દિવાળી જે આવી રહી છે તે પાનખરનાં સૂકાં પાદડાં જેવી રસહિન - કસહિન શુષ્ક લાગે છે અને મન નિરાશ થાય છે પણ ફરીથી જીજીવિષા મનને સ્પર્શ કરીને યાદ અપાવે છે કે જાન હૈ તો જહાં હૈ! દીપાવલીએ સદૈવ છે એ વિતેલી વસંત જેવી છે તેમાથી પ્રગટતી સુગંધ જીવનને નાનો પણ નક્કર આનંદ આપે છે. સત્યની અસત્ય કે અધર્મ ઉપરનાં વિજય બાદ પ્રજાજનોમાં જે ઉમંગની છોળો ઉડીને દીવડાઓ પ્રગટ્યા એ જ દિપાવલીનું મૂળ છે. અર્થાત્ વ્યક્તિના જીવનમાં પણ સાત્ત્વિક આનંદ કદી નષ્ટ થતો જ નથી. વસંતઋતુ જતી રહે કે વાસંતી વાયરા જરા રહે તેમ છતાં ઉપવનમાં ખુશ્બુની અનુભૂતિ શાશ્વત પ્રવર્તતી જોવા મળે છે. યૌવન વિતે એટલે જરૂરી નથી કે વૃદ્ધત્વને તન-મનથી ઓઢી ને બેસી જવું મૃત્યુની રાહ જોવી! ઉંમરનું વધવું એ પણ કાલચક્રની કમાલ છે. પરંતુ તેના ઓછાયામાં જ ચીટકીને પ્રવૃત્તિઓમાંથી ખસી જવું એ ઘડપણ લાવ્યા જેવી ઘટના બને છે. દિપાવલી તો મારે હૈયે અને ઊંબરે રોજ છે એવો અહેસાસ ઈશ્વરકૃપાથી પ્રાપ્ત થાય તો જીવન સફળ થયું સમજવાનું છે.

ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશમાં બધા જ ઉકેલ છે, માર્ગદર્શન છે જે કર્મ અન્યના જીવનમાં ઊર્જા કે આનંદ પેદા કરે છે એ આનંદનું પ્રતિબિંબ કર્મ કરનારના જીવનમાં ચોકકસ પડે છે. અપેક્ષારહિત કર્તૃત્વભાવ જીવનનું સાચું પ્રેરકબળ બની રહે છે. માટે ઈશ્વરનું વચન છે કે હું તારી રક્ષા કરીશ પરંતુ તારા કર્મો માટે હું કોઈ ખાત્રી આપી શકું નહીં - આ મુખ્ય સાર છે. બધા ધર્મ કે સંપ્રદાયોમાં સારા કર્મો કરવાની વાત કરવામાં આવી છે અથવા ખરાબ ચીજોથી દૂર રહેવાનું કહ્યું છે આ સમજી લીધું તો પછી દુઃખ દૂર થઈ જશે. દિપાવલીના દિવસોમાં સ્વદેશી અપનાવી નાના નાના ઉદ્યોગકારોને રોજિંદા જીવનમાં મદદ કરીએ. વંચિતોને યથાશક્તિ પ્રદાન કરીએ, જીવન વ્યવહારમાં મધુરતા જાળવીએ તો આ દિપાવલીમાં પ્રકાશ રેલાવી શકીશું ઋગ્વેદના એક શ્લોકમાં કહ્યું છે **ધિયા તુતુર્યામાત્યંહઃ ॥** મતલબ કે બુદ્ધિની સહાયતાથી આપણે પાપકર્મો અને તેના દુષ્ટફળોનો વિનાશ કરીએ (With wisdom destroy the culprit and its evils) દિવાળી પર્વની ખૂબ ખૂબ સૌને શુભેચ્છાઓ.

શેર આસ્વાદ :

તું રાધાની નજરે જો દેખે તો હું ચ શ્યામ છું
બાકી ઈશારો જ ના કરે તો મર્યાદામાં હું રામ છું.